## પ્રકરણ - ૭

## ઉપસંહાર

ભી. ન. વણકર, ધરમાભાઈ શ્રીમાળી, દશરથ પરમાર અને સંજય ચૌહાણની વાર્તાઓને કેન્દ્રમાં રાખી ગુજરાતી દલિત ટૂંકી વાર્તાનો સમીક્ષાત્મક અભ્યાસ કરવાનું નક્કી કર્યું ત્યારે મનમાં ચાર વાર્તાકારોની વાર્તાઓની રૂપરેખા નિશ્ચિત કરી હતી પરંતુ મારા અભ્યાસ દરમ્યાન એમાંથી પસાર થતો ગયો તેમ તેમ ગુજરાતી દલિત વાર્તાની ગતિવિધિનો વધુ ને વધુ પરિચય થતો ગયો. એ નિમિત્તે અનેક સર્જકોની કૃતિઓમાંથી પસાર થવાનું બન્યું. આ વિષય બાબતે ચર્ચા કે માર્ગદર્શન નિમિત્તે વારંવાર ચારેય સર્જકો સાથે સંવાદ થતો ગયો. જેમ જેમ આ વિષયમાં મારું વાંચન થતું રહ્યું, સર્જકો પાસેથી માર્ગદર્શન મળતું રહ્યું તેમ તેમ આ વિષયની મારી સમજ થોડી વિકસિત થઈ. દલિત વર્ગ પ્રત્યે સહાનુકંપા હતી જ પરંતુ આ વિષયના વાંચને એને વધુ દૃઢ બનાવી. ચારેય સર્જકોની વાર્તાઓ વાંચતા ને અભ્યાસ હાથ ધરતાં પહેલા સાહિત્ય વિશે તેમજ ગુજરાતી દલિત વાર્તા વિશે ભૂમિકારૂપે પરિચય કરાવવાનું મને યોગ્ય લાગ્યું છે. એ ન્યાયે પ્રથમ પ્રકરણમાં મેં 'ભૂમિકા' અંતર્ગત દલિત સાહિત્યનો પરિચાયત્મક આલેખ આપ્યો છે. જેમાં દલિત સાહિત્ય એ માત્ર દલિતોનું જ નહીં પણ સમગ્ર સમાજને સ્પર્શે, સમગ્ર સમાજ એને સમજે, એમાં વ્યક્ત થયેલ સંવેદનાથી છેવાડાનો માણસ રસતરબોળ થાય અને આ સાહિત્ય સર્વસ્વીકૃત થાય એવી ભાવના વ્યક્ત કરે છે. 'દલિત' શબ્દ અને એના પર્યાયરૂપે કોશમાં આપેલા અર્થોની અહીં પરિચયાત્મક માહિતી આપી છે. દલિત સાહિત્યની સંજ્ઞાની ચર્ચા કરી એની વિભાવના બાબતે આ પ્રકરણમાં વિસ્તારથી વાત કરી છે. વિભાવના બાદ એનાં લક્ષણોને પણ આ પ્રકરણમાં દર્શાવવામાં આવ્યાં છે.

શૂદ્રોને વિરાટ પુરુષના પગમાંથી નિપજ્યા હોવાનું દર્શાવાયું છે એ સંદર્ભે હકારાત્મક અર્થઘટન કરીએ તો શબ્દનું કે સૂક્તનું અર્થઘટન કેવું થઈ શકે તે દર્શાવી એની સ્થિતિને તાદૃશ કરી છે. એ માટે જુદાં-જુદાં પુસ્તકોમાંથી જરૂરી સંદર્ભો દ્વારા મારા અભ્યાસને સઘન બનાવવાનો પ્રયત્ન કર્યો છે.

બસવેશ્વર, કબીર, નરસિંહ, અખો, રૈદાસ, જેવા સંતો-સુધારકોએ આપેલાં દલિત શબ્દોનાં અન્ય નામો અને સમયાંતરે બદલાતી શૂદ્રોની સ્થિતિ, એ માટેની ભૂમિકા નિભાવનાર મહત્ત્વનાં પરિબળોની અહીં ચર્ચા કરી છે. આ પ્રકરણમાં દલિત આંદોલનની ભૂમિકા દલિત સાહિત્યના ઉદ્ભવ વિકાસ માટે કેવી રહી છે એની ચર્ચા કરી છે. વિવિધ વિવેચકો, વિચારકોએ દલિત સાહિત્યની આપેલી વ્યાખ્યાઓને કેન્દ્રમાં રાખીને દલિત સાહિત્યનો પરિચય કરાવવાનો પ્રયત્ન કર્યો છે. 'દલિત' શબ્દનો વિચાર કરતા કે એની વ્યાખ્યાઓ જોતાં અનેક પ્રકારનાં નવાં પરિમાણો પ્રાપ્ત થાય છે પરંતુ શિક્ષણ અને જાગૃતિ આવ્યા પછી પણ દલિતોને અસ્પૃશ્ય તરીકે જોવામાં વધુ ફેર પડ્યો નથી. 'દલિત' શબ્દની ચર્ચા પછી દલિત સાહિત્યના ઉદ્ભવ માટેનાં જરૂરી પરિબળોની ચર્ચા કરી છે. ગૌતમ બુદ્ધ, વીર મેઘમાયો, જ્યોતિબા ફુલે, મહાત્મા ગાંધીજી, ડૉ. બાબાસાહેબ આંબેડકર જેવા મહાનુભાવો દલિત પેન્થર્સ, મરાઠી દલિત સાહિત્ય, વિવિધ સામયિકો અને સંપાદકો ઉપરાંત ગુજરાતના ૧૯૮૧ અને ૧૯૮૫નાં અનામત વિરોધી આંદોલનોનો દલિત સાહિત્યનાં ઉદ્ભવમાં અને એને ઘડવામાં કેવો ફાળો છે તેની નોંધ લીધી છે.

દલિત સર્જકોએ અને વિવેચકોએ આપેલી દલિત સાહિત્યની વ્યાખ્યાઓ પરથી પણ એક વાત સાબિત થાય છે કે દલિત સાહિત્યમાં દલિત સંવેદન, સમસ્યા વગેરેનું નિરૂપણ કલાત્મક રીતે થવું જોઈએ એ વાત પર ભાર મૂકાયો છે. તો સાથે સાથે એ વ્યક્તિગત બનવાને બદલે સમષ્ટિગત બને એ પણ જરૂરી છે. દલિત

સાહિત્ય માનવને મુક્ત કરીને પુરસ્કૃત-પ્રતિષ્ઠિત કરે એ સાચું દલિત સાહિત્ય એવો સૂર વ્યક્ત થયો છે. એ જ રીતે એ કોઈ એક વર્ગ કે વર્ણનું સાહિત્ય નથી એ પણ કહેવાયું છે. દલિત સાહિત્યકૃતિમાં દલિત સંવેદન હોવું જરૂરી છે પરંતુ સર્જક દ્વારા રચાયેલી કૃતિ કલાકૃતિના સ્તરે પહોંચે એ પણ એટલું જ જરૂરી છે.

આ પ્રકરણમાં દલિત સાહિત્યનું પ્રયોજન, એનું ધ્યેય શું છે એની ચર્ચા કરવામાં આવી છે. દલિત સાહિત્ય માનવીય મૂલ્યો, ન્યાય, સ્વતંત્રતા, સમાનતા, બંધુતા જેવાં પાસાંઓને સમાવીને આગળ વધ્યું છે. તેમજ સમાજ શોષણમુક્ત, જાતિમુક્ત થાય અને સ્વસ્થ સમાજનું નિર્માણ થાય એવા ધ્યેયથી એ આગળ વધ્યું છે. માણસની જ્યાં ઉપેક્ષા થઈ રહી છે એવા દલિત-પીડિત સમાજને બળ પૂરું પાડવાનું કામ દલિત સાહિત્ય કરે છે. એને જાગ્રત કરવાનું કામ આ સાહિત્ય કરે છે. એટલે દલિત સાહિત્ય સામાજિક પરિવર્તનનું દિશા નિર્દેશક બનવાનું પાયાનું ધ્યેય લઈને ચાલે છે એની સંદર્ભગત ચર્ચા કરેલ છે. આ પ્રકરણમાં દલિત સાહિત્યનાં પ્રયોજન અને એના પ્રત્યેના સામાજિક દૃષ્ટિકોણની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે.

'ગુજરાતી દલિત ટૂંકી વાર્તા' નામના બીજા પ્રકરણમાં ગુજરાતી ટૂંકી વાર્તાનાં થયેલાં સંપાદનો અને વિવિધ સર્જકોના વાર્તાસંગ્રહોની પરિચયાત્મક ઝલક આપવામાં આવી છે.

ગુજરાતી દલિત ટૂંકી વાર્તા ક્ષેત્રે ગુજરાતી દલિત વાર્તાકારોએ જે પ્રદાન કર્યું છે એવાં સર્જકોમાં ભી. ન. વણકર, જોસેફ મેકવાન, પ્રવીણ ગઢવી, દલતપત ચૌહાણ, બી. કેશરશિવમ્, મોહન પરમાર, હરીશ મંગલમ્, ધરમાભાઈ શ્રીમાળી, દશરથ પરમાર, રાઘવજી માધડ, ચંદ્રાબેન શ્રીમાળી, વિઠ્ઠલરાય શ્રીમાળી, રમણ વાઘેલા, સંજય ચૌહાણ, અમૃત મકવાણા, મૌલિક બોરીજા, માવજી મહેશ્વરી, દિનુ ભદ્રેસરિયા, વિનોદ ગાંધી, કનુ અસમલીકર જેવા સર્જકોએ લખેલી ગુજરાતી દલિત

વાર્તાઓને આધારે દલિત ગુજરાતી વાર્તાની ગતિવિધિ તપાસી છે. આ વાર્તાકારોમાં બી. કેશરશિવમ્, ધરમાભાઈ, દલપત ચૌહાણ પાસેથી સંખ્યાની દૃષ્ટિએ વધુ વાર્તાઓ પ્રાપ્ત થાય છે. અહીં બિનદલિત સર્જકોની દલિત વાર્તાઓ અને સંગ્રહોની નોંધ લીધી છે. વિવિધ સામયિકોએ પણ ગુજરાતી દલિત વાર્તાને પ્રકાશિત કરી જીવંત રાખી છે એની અહીં ચર્ચા કરી છે. ગુજરાતી દલિત વાર્તાના બદલાયેલાં વલણોની ચર્ચા પ્રસ્તુત પ્રકરણમાં કરી છે.

ત્રીજું પ્રકરણ 'ભી. ન. વણકરની વાર્તાઓ: વસ્તુ અને કલાપક્ષ' શીર્ષકથી આપ્યું છે જેમાં પ્રકરણના આરંભે સર્જકનો પરિચય આપીને સર્જકે અન્ય સાહિત્યસ્વરૂપક્ષેત્રે કરેલ કાર્યની નોંધ લીધી છે. આ સર્જક પાસેથી 'વિલોપન' નામે વાર્તાસંગ્રહ પ્રાપ્ત થાય છે. એમાં ૧૪ વાર્તાઓ છે. જેમાંની બધી જ વાર્તાઓ દલિત વાર્તાઓ છે. સંગ્રહમાં આવિષ્કાર, સાઈક્લોન, કાળી ટીલી, પગ, ઓઝટવા, વંટોળ, ધારાવઈ, વિલોપન, ગોરું ચંદન વગેરે વાર્તાઓમાં દલિત સમસ્યા, દલિત સંવેદન પ્રબળ રીતે વ્યક્ત થતું જોઈ શકાય છે.

આ ઉપરાંત લેખકની સામયિકોમાં પ્રકાશિત થયેલી વાર્તાઓ 'પડઘાતા મૌનની પેલે પાર, લીમડાની એક ડાળ મીઠી' જેવી વાર્તાઓની પણ ચર્ચા કરી છે.

ભી. ન. વણકરની વાર્તાઓમાં આવતી સમસામયિક ઘટનાઓ, સ્થળકાળ, પાત્રોનાં વર્તન, શોષણ ઇત્યાદિ વાર્તામાં કેવાં રસાઈને આવે છે એ દર્શાવી દરેક વાર્તાનો પરિચય કરાવી એની બોલી, પ્રતીક, લય લહેકા ઇત્યાદિને આધારે ભી. ન. વણકરની વાર્તાઓનો અભ્યાસ કરી એમના સર્જનવિશેષને મૂલવવાનો પ્રયત્ન કરેલ છે. આ સર્જકની વાર્તાઓનું વસ્તુ ઉત્તર ગુજરાતની બોલીથી વધુ વાસ્તવદર્શી બની રહે છે. ઘણી જગ્યાએ બોલીનો પ્રયોગ પાત્રોના મનોજગતને ઉપસાવવામાં કામિયાબ બની રહે છે. વાર્તામાં સમસામયિક ઘટનાઓ, સ્થળકાળ આદિને આ વાર્તાકાર તટસ્થભાવે આલેખે છે એની આ પ્રકરણમાં નોંધ કરી છે. વાર્તાકારે કરેલો

કહેવત-રૂઢિપ્રયોગોનો ઉપયોગ, ઘટનાની વાસ્તવદર્શી રજૂઆત, પ્રતીકાત્મક અભિવ્યક્તિ વગેરેની આ પ્રકરણમાં ચર્ચા કરેલ છે.

પ્રકરણ ૪ માં 'ધરમાભાઈ શ્રીમાળીની વાર્તાઓ : વસ્તુ અને કલાપક્ષ' શીર્ષક અંતર્ગત આ સર્જકની વાર્તાઓને મૂલવવાનો પ્રયત્ન કર્યો છે. પ્રકરણના આરંભે સર્જકનો ટૂંકમાં પરિચય આપ્યો છે. આ સર્જક પાસેથી સંખ્યાની દૃષ્ટિએ દલિત અને લલિત બંને પ્રકારની વિપુલ વાર્તાઓ મળે છે. ધરમાભાઈ પાસેથી સાંકળ, નરક, રવેશ, ઝાંખરું અને પીઠી જેવા વાર્તાસંગ્રહો પ્રાપ્ત થાય છે.

'સાંકળ'માં સણકો, ભવાઈ, નવી, દાઝવું તે વાર્તાઓને ધ્યાનમાં રાખીને ચર્ચા કરી છે. 'નરક' વાર્તાસંગ્રહમાં ૧૪ વાર્તાઓ છે જે બધી જ દલિત છે. જેમાં નરક, ભોગ, વરઘોડો, ભાત, કુંડ, સામૈયું જેવી વાર્તાઓમાં દલિત સંવેદન તીવ્રપણે વ્યક્ત થયું છે. 'નરક' આ સંગ્રહની નકશીદાર કલાત્મક કૃતિ છે. 'નરક'માં શોષણ, ગ્રામજીવનનું વેધક આલેખન થયું છે તો શહેરીજીવનની હાડમારી પણ ભારોભાર દર્શાવાઈ છે.ગામડામાં બદલાવ આવી રહ્યો છે. પહેલા જેવી આભડછેટ અને જોહુકમી નથી, પણ હજી ભેદ તો છે જ. દલિતો મુખ્ય પ્રવાહમાં ભળી શકતા નથી, ભળવા દેવામાં આવતા નથી એ વાત વરઘોડો, ઉઝરડો, સડો, સામૈયું, પ્રસ્થાન જેવી વાર્તાઓમાં અભિવ્યક્ત થઈ છે. જો કે ધરમાભાઈ અહીં પરિવેશ કરતા ઘટના, સંવાદો, વિચારોને આગળ ધરે છે એ નોંધવું રહ્યું. ભાત અને કુંડ આ સંગ્રહની મજબૂત રચનાઓ છે.

ત્રીજો વાર્તાસંગ્રહ 'રવેશ' શીર્ષકથી પ્રાપ્ત થાય છે જેમાં દલિત સંવેદન રજૂ કરતી કૃતિઓની સંખ્યા નહિવત્ છે. 'ઝાંખરું' વાર્તાસંગ્રહમાં કુલ ૧૨ વાર્તાઓ છે જેમાં આડવાત, કદડો, પ્રવેશદ્વાર, ઝાંખરું, રુદન, આઠમો રંગ, આફ્ટર શોક, ફાચર, રેલો, પધરામણી જેવી વાર્તાઓમાં શહેર, શિક્ષણ, એમાં વસતા દલિતોની સમસ્યાઓનું પ્રમાણ બળકટ રીતે વ્યક્ત થયું છે. ગ્રામજીવનના પ્રશ્નો પણ

ધરમાભાઈની વાર્તાઓમાં સઘન રીતે આલેખાયા છે એ નોંધવું રહ્યું. ઘટનામાંથી નિપજતી પરિસ્થિતિને આ લેખક કેવું વાર્તારૂપ આપે છે એ જોવું રસપ્રદ થઈ પડે છે.

ધરમાભાઈના પાંચમા વાર્તાસંગ્રહ 'પીઠી'માં ૧૯ વાર્તાઓ છે જેમાં મોટાભાગની લલિત વાર્તાઓ છે. આ સંગ્રહમાં માત્ર છોડ, જમણવાર, લોહી, મેળો અને છત્રી જેવી વાર્તાઓમાં દલિતસંદર્ભ જોવા મળે છે.

આમ સાંપ્રત સમયમાં ગુજરાતી દલિત ટૂંકીવાર્તા ક્ષેત્રે ધરમાભાઈ શ્રીમાળીનું પ્રદાન કેવું રહ્યું છે એની એમના વાર્તાસંગ્રહોને આધારે અભ્યાસલક્ષી ચર્ચા કરી છે. એમની વાર્તાઓમાં નિરૂપાયેલા દલિત સમાજના પ્રશ્નો, પરિવેશ, ઉત્તર ગુજરાતની બોલી એમ વિવિધ પાસાંને ધ્યાનમાં રાખીને અભ્યાસ કર્યો છે. ધરમાભાઈની વાર્તાઓમાં જોવા મળતો અસ્પૃશ્યતાનો પ્રશ્ન, જાતીય શોષણની સમસ્યા, નિજી સંવેદન, જીવંત અને કલાત્મક અભિવ્યક્તિ વગેરે મુદ્દાઓને ધ્યાનમાં રાખીને એમના સર્જનવિશેષને મૂલવવાનો પ્રયત્ન કર્યો છે. સચોટ ઘટના તથા વિસ્મયસભર અંતનું આશ્ચર્ય એ ધરમાભાઈની વાર્તાના વિશેષો બની રહે છે.

પાંચમા પ્રકરણ 'દશરથ પરમારની વાર્તાઓ: વસ્તુ અને કલાપક્ષ'માં પ્રકરણની શરૂઆતમાં સર્જકનો પરિચય આપ્યો છે. આ સર્જક પાસેથી બે વાર્તાસંગ્રહ 'પારખું' અને 'બે ઈ-મેલ અને સરગવો' શીર્ષકથી પ્રાપ્ત થાય છે. 'પારખું'માં ૨૧ વાર્તાઓ છે. બીજા સંગ્રહમાં પણ ૨૧ વાર્તાઓ છે. પ્રથમ સંગ્રહમાં માત્ર રમત, ચૂવા, પાટ, ગીધાનુભૂતિ, સાંધણી જેવી વાર્તાઓમાં દલિત જનજીવનના તાણાવાણા જોવા મળે છે. એમાં કેટલીક વાર્તાઓમાં દલિત સંવેદન કેવું છે? એને દલિત વાર્તાઓ કહેવાય? ન કહેવાય તો શા માટે એની ચર્ચા કરી વાર્તાઓને મૂલવવાનો પ્રયત્ન કર્યો છે. (દા.ત. રમત, પાટ, ચૂવા વગેરે)

બીજા સંગ્રહમાં અનપેક્ષિત, ચિલોત્રાની જેમ, કાયાન્તરણ, શિકાર, ફરક તો પડે છે, છેહ, અસ્વીકાર જેવી દલિત વાર્તાઓને કેન્દ્રમાં રાખીને એના વિષય-વસ્તુ કલાપક્ષની ચર્ચા કરી છે.

આ ઉપરાંત સર્જકના ઉપરોક્ત બે વાર્તાસંગ્રહો સિવાયની વિવિધ સામયિકોમાં પ્રકાશિત ગુજરાતી દલિત વાર્તાઓની પણ અભ્યાસમૂલક ચર્ચા કરી છે. જેમાં પુલ નીચેથી પસાર થવું, ફોટો, નંદુ, લવસ્ટોરી ૨૦૧૪ યાને અસ્પૃશ્યતા અખંડ છે, આપણી જાત અને ફૂલચંદ જાદવના જીવનનો ઉત્તરાર્ધ જેવી વાર્તાઓમાં દલિત સંવેદનની કલાત્મક અભિવ્યક્તિ જોવા મળે છે.

દશરથ પરમારની વાર્તાઓમાંથી પસાર થતા આ સર્જકનો સાંપ્રત સમયગાળાના એક ઉત્તમ વાર્તાકાર તરીકે ઉત્તરોત્તર થતો વિકાસ સ્પષ્ટ જોઈ શકાય છે. આ સર્જકની વાર્તાઓનું વસ્તુ ટેકનિક, નૂતન પ્રયોગ, જાતિભેદ, દલિત સમાજનાં આંતરદ્વંદ્વ, શહેરી શિક્ષિત સમાજની વેદના, પ્રતીકાત્મક અભિવ્યક્તિ વગેરે મુદ્દાઓને આધારે વાર્તાકારના સર્જનવિશેષને મૂલવવાનો પ્રયત્ન કર્યો છે.

'સંજય ચૌહાણની વાર્તાઓ : વસ્તુ અને કલાપક્ષ' નામના છઠ્ઠા પ્રકરણમાં આરંભે વાર્તાકારનો પરિચય આપેલ છે. ત્યાર બાદ સર્જકના બે વાર્તાસંગ્રહો 'એના શહેરની એકલતા' અને 'થુંબડી'ની નોંધ લઈને સર્જકની સામયિકોમાં પ્રકાશિત ૧૩ જેટલી ગુજરાતી દલિત વાર્તાઓની સઘન તપાસ કરી છે. જેમાં ઠરાવ, પેંતરો, છબિ, રંગ, વારો, બળતરા, કમઠાણ, યોદ્ધો, વરંડો, વાંક, લાશ, વળાંક, વટ જેવી વાર્તાઓને ધ્યાનમાં રાખીને જાતિવાદના પ્રશ્નને વાર્તાકાર કેવા સૂક્ષ્મસ્તરે નિરૂપે છે તેની ચર્ચા કરી છે. આ વાર્તાકારની વાર્તાઓમાં દલિત સંવેદન સઘન રીતે ઘૂંટાઈને આવે છે. નાનાં નાનાં વાક્યોથી થતી વાર્તાની શરૂઆત અને નાના વાક્યખંડો તેમજ એમાં વ્યક્ત થતું સમાજના સંકુલ પ્રશ્નોનું વેધક આલેખન વાર્તાઓને વારંવાર વાચવા પ્રેરે છે. આ સર્જકની વાર્તાઓનું વસ્તુ અને એનું ભાવવિશ્વ ગુજરાતી દલિત

વાર્તાક્ષેત્રે નૂતન ઉન્મેષનાં વાહક બની રહે છે. બોલીનો પ્રયોગ અને પાત્રોના સંવાદો દ્વારા વ્યક્ત થતું અસલ જોમ વાસ્તવની ધારને વધુ તેજ ગતિએ વ્યક્ત કરે છે. આનર્તની બોલીનો આ સર્જકે કરેલો પ્રયોગ, એની કહેવતોમાં વ્યક્ત થતા લાક્ષણિક અર્થ વગેરે સર્જકનો વિશેષ બની રહે છે. ગુજરાતી દલિત વાર્તાકારોમાં સંજય ચૌહાણની વાર્તામાં વાચકને નરવી કલમનો અને એક નૂતન ભાવવિશ્વનો અનુભવ થયા વગર રહેતો નથી. સંજય ચૌહાણની વાર્તાઓમાં આવતાં વર્ણનો, દલિત વાસનું-વ્યવસાયનું આબેહૂબ ચિત્રણ, દલિત સંવેદન, પાત્રોની ગતિવિધિ, લેખકની સર્ગશક્તિ અને ભાષિક સજ્જતા એમની વાર્તાઓના વિશેષ બની રહે છે.

પ્રકરણ ૧ અને ૨માં સિદ્ધાંતલક્ષી અને ગુજરાતી દલિત ટૂંકી વાર્તાની પરિચયાત્મક વિકાસયાત્રા આલેખીને ચારેય સર્જકોની ગુજરાતી દલિત વાર્તાઓના અભ્યાસ બાદ જણાયું છે કે દરેક સર્જકની કોઈ ને કોઈ કૃતિમાં દલિત સંવેદન સઘન રીતે વ્યક્ત થયું છે. તો કોઈકમાં દલિત સંવેદન નહિવત્ જોવા મળે છે. કેવલ દલિત પાત્ર હોવાથી તે દલિત કૃતિ બનતી નથી. કોઈ કૃતિમાં વ્યથા, આક્રોશ વગેરે મુખરપણે વ્યક્ત થાય છે. ક્યાંક કૃતિ વધુ પડતી ખેંચાઈને નિરસ બનતી લાગે છે. ક્યાંક સમરસતાનો ભાવ પણ વ્યક્ત થયો છે. અહીં એવા તારણ પર આવવું પડે કે કૃતિ ભલે દલિત કૃતિ હોય પરંતુ અંતે તો કૃતિની કલાકીય માવજત જ સર્જકનો મહત્ત્વનો અભિગમ ગણાવો જોઈએ.

ચારે સર્જકોની કૃતિઓમાંથી પસાર થઈએ છીએ ત્યારે એનાં બોલી-લહેકા, રીતિરિવાજો, અંધશ્રદ્ધાઓ, માન્યતાઓ ઇત્યાદિ પ્રત્યેક સર્જકની વાર્તાઓમાં ભિન્ન ભિન્ન જોવા મળે છે. ભી. ન. વણકરમાં જે કહેવતો જોવા મળે છે એ અન્ય સર્જકોની કૃતિઓમાં નથી તો સંજય ચૌહાણની વાર્તાઓમાં જે કહેવતો જોવા મળે છે તે અગાઉ ક્યાંય જોવા મળતી નથી. ક્યાંક એક સર્જકની વાર્તા સાથે બીજા સર્જકની વાર્તાનું વસ્તુ અલગ હોય પણ વિચાર સમાન લાગે. જેમ કે જાતની ઓળખ થયા

પછી થતી ઉપેક્ષા અહીં જુદી જુદી રીતે વ્યક્ત થઈ છે. દા.ત. ઓઝટવા (ભી. ન. વણકર), નંદુ, અનપેક્ષિત(દશરથ પરમાર), રંગ (સંજય ચૌહાણ) વગેરે. દશરથ પરમારની વાર્તા 'શિકાર' અને સંજય ચૌહાણની 'યોદ્ધો'માં પણ અનુક્રમે પક્ષી અને પ્રાણીની વાત દ્વારા સૂચક રીતે શોષણની વાત થઈ છે તો 'છાપરું' વાર્તામાં ધરમાભાઈ છાપરુંને જ પાત્રરૂપે મઢીને શોષણની વાત કરે છે. ધરમાભાઈની વાર્તાઓમાં શિક્ષણના લીધે વાર્તાનાં પાત્રોમાં જોવા મળતી જાગૃતિ વેધક રીતે વ્યક્ત થઈ છે. એમની નવી, દાઝવું તે, સણકો, ભવાઈ જેવી વાર્તાઓમાં માનવહૃદયની મૃદુ લાગણીઓનો અવાજ મનુષ્યજીવનની નિ:સહાય દશાને વાચા આપે છે. પૂર્વકાલીન અને સમકાલીન દલિત વાર્તાકારોમાં શિક્ષિત અને શહેરી દલિત વર્ગની વેદના-સંવેદના સૌથી વધારે ધરમાભાઈ શ્રીમાળીની વાર્તાઓમાં નિરૂપાઈ છે. દશરથ પરમારની વાર્તાઓમાં નવા નવા પ્રયોગો અને પ્રયુક્તિઓ એમને અન્યથી જુદા પાડે છે. દા.ત. કાયાન્તરણ, ગીધાનુભૂતિ વગેરે.

નવા વાર્તાકારોમાં સંજય ચૌહાણની દલિત વાર્તાઓમાં વાસ્તવની ભોં પર વસ્તુની થતી માંડણી ને દલિતોના પ્રશ્નો, એના વ્યવસાય એના વિચારો વધુ નજીક રહીને સૂક્ષ્મ દૃષ્ટિએ નિરૂપણ પામ્યા છે. દા.ત. મરેલા પશુના માંસને ચીરવાની ક્રિયા, માંસને પકવવાની વાત, ખાવાની ક્રિયા (પેંતરો), જુગુપ્સા ઉપજાવે એવાં વર્ણનો, દલિત સમાજની સમસ્યાઓ, દલિત સમાજના નારકીય વાસ્તવને આ સર્જક ખૂબીથી આલેખે છે. સંજય ચૌહાણની 'વારો' અને 'વળાંક'માં તીવ્રરૂપે રજૂ થતી બદલાની ભાવના અને સમાધાકારી વલણમાં પાત્રની ઉદાત્ત બાજુ જોઈ શકાય છે. પાત્રોમાં વ્યક્ત થતાં મનોસંચલનો અને બદલાવ માનવસ્વભાવના લાક્ષણિક પાસાને વ્યક્ત કરે છે. 'વાંક' અને 'વેઠિયા'માં સાવ પરંપરાગત ઢાંચાવાળું નોખું વિષયવસ્તુ ધ્યાન ખેંચનારું બની રહે છે. ધરમાભાઈની 'પધરામણી' અને 'સામૈયું' કે 'ભોગ' જેવી વાર્તાઓમાં ધર્મની આડમાં થતા ભેદભાવ તેમજ દલિતોના

સ્વમાન, એનામાં આવેલી જાગૃતિ ધ્યાન ખેંચે છે. 'છોડ' (ધરમાભાઈ) અને 'ઠરાવ' (સંજય ચૌહાણ) જેવી વાર્તાઓમાં દલિતોને હાથો બનાવીને કેવી રીતે ઉપેક્ષિત કરાય છે એનું વર્ણન અસરકાર છે. એ જ રીતે 'છેહ' (ધરમાભાઈ) અને છબી, વરંડો, વાંક (સંજય ચૌહાણ) જેવી વાર્તાઓમાં દલિતો સાથે નાની નાની બાબતે થતી છેતરપિંડી, એનો હાથા તરીકે થતો ઉપયોગ, એનું ભોળપણ, એની મશ્કરી ઇત્યાદિ દ્વારા દલિતોને થતા અન્યાયનું વેધક આલેખન જોવા મળે છે. સવર્ણ સ્ત્રીના દલિત પુરુષ પ્રત્યેના આકર્ષણ અને પરિણામે વેઠવી પડતી મુશ્કેલી, શોષણની વાત ધરમાભાઈની 'ભવાઈ' અને 'ભાત'માં નિરૂપાઈ છે. અન્યની અસર નીચે આવી જઈ છેતરાતાં પાત્રો દા.ત. છબી(સંજય ચૌહાણ), છેહ(દશરથ પરમાર), પધરામણી(ધરમાભાઈ) વગેરે. ડર, દબાયેલ, કચડાયેલ પાત્રોને વર્ણવતી વાર્તાઓ દા.ત. લાશ, ઠરાવ વગેરે. જેમાં વ્યસનોની બદીથી ઘેરાયેલા પાત્રો ને એની નબળાઈ પણ જોવા મળે છે. લાશ, વાંક જેવી વાર્તાઓમાં લાગ જોઈને ભીંસમાં લેતાં પાત્રોનો જુસ્સો નિરૂપણ પામ્યો છે. આ સર્જકની વાર્તા એમાં આકાર લેતી રહસ્યગર્ભ ક્ષણ અને વાર્તાના અંતમાં જોવા મળતાં વળાંકો લાક્ષણિક ઢબે વ્યક્ત થયાં છે. વાર્તામાં જુદી ગતિએ આગળ વધે ને રહસ્ય ઘૂંટાતું રહે એવી યોજના 'વાંક'માં આકાર લે છે. મોહન પરમારની 'આંધુ'માં પણ પાત્રના મન:સંચલનોને અંત સુધી સૂક્ષ્મ ઢબે નિરૂપ્યાં છે એ અહીં તરત યાદ આવે. પાત્રના મનમાં ઘટના જુદી રીતે આકાર લે અને અંતમાં જુદું જ રહસ્ય ઉદ્‌ઘાટિત થાય એમાં વાચકમન પર લેખક ધારી અસર ઊભી કરી શકે છે.

અહીં એ પણ જોઈ શકાય કે આરંભકાલીન વાર્તાઓમાં માત્ર ગ્રામીણજીવન કેન્દ્રમાં હતું. નકરી પીડાઓની વાર્તાઓ મળે છે પરંતુ ધીમે ધીમે ઉદ્યોગીકરણને લીધે દલિત વર્ગ શહેરોમાં આવ્યો અને શહેરમાં આવ્યા પછી શિક્ષણને લીધે એનામાં જાગૃતિ આવી એનો પ્રભાવ ગુજરાતી દલિત વાર્તાએ ઝિલ્યો છે અને આ સર્જકોની

વાર્તાઓમાં પણ એની અસર જોઈ શકાય છે. ધીમે ધીમે આવતો બદલાવ આ ચારે સર્જકોમાં ક્રમે ક્રમે ઝીલાયો છે. આરંભકાળે વાર્તાઓમાં આક્રોશ-વિદ્રોહ મુખરપણે વ્યક્ત થયો હતો તે પછીથી સંયત સ્વરે વાર્તાઓમાં આવે છે. આમ, ગુજરાતી દલિત વાર્તામાં જોવા મળતા સ્થિત્યંતરો આ સર્જકોના સર્જનમાં કેવી રીતે દેખાય છે તે જોવું  રસપ્રદ બની રહે છે. વાર્તાની સંખ્યાત્મક ગણતરી કરીએ તો ધરમાભાઈ પાસેથી સૌથી વધુ વાર્તાઓ મળે છે. ભી. ન. વણકર પાસેથી એક વાર્તાસંગ્રહ બાદ લાંબા સમય સુધી બીજી દલિત વાર્તાઓ બહુ ઓછી મળે છે. દશરથ પરમાર પાસેથી બંને સંગ્રહોમાં દલિત વાર્તાઓની સંખ્યા નહિવત્ છે. તો એમની સામયિકમાં પ્રસિદ્ધ થયેલી નંદુ, ફોટો, આપણી જાત વગેરે દલિત સંવેદનને સઘન રીતે વ્યક્ત કરે છે. સંજય ચૌહાણ પાસેથી બે સંગ્રહ મળે છે પણ દલિત વાર્તાઓ એમાં નથી. એમની સામયિકોમાં પ્રકાશિત દલિત વાર્તાઓની સંખ્યા વધારે છે જેમાં લાશ, રંગ, કમઠાણ, પૈંતરો વગેરેમાં દલિત સંવેદન બખૂબી રજૂ થયું છે. દરેક સર્જકની વાર્તાઓમાં ઉત્તર ગુજરાતની બોલીનો લહેકો ત્યાંની ભાષાની તાજગીનો અનુભવ કરાવે છે. ચારે વાર્તાકારો ઉત્તર ગુજરાતના છે એટલે આ બોલી તેઓ ખૂબ સહજપણે પ્રયોજી શકે છે. અહીં નોંધવું જોઈએ કે દશરથ પરમાર અને સંજય ચૌહાણની વાર્તાઓમાં દલિત સંવેદન વધારે સંકુલપણે નિરૂપાયું છે. ભી. ન. વણકર, ધરમાભાઈ અને દશરથ પરમારે વંટોળ, લક્ષ્મણરેખા, દાઝવું તે, છોડ, ભોગ, સણકો, નવી, લોહી, ફોટો જેવી વાર્તાઓમાં દલિત નારીની વેદાસભર લાચાર સ્થિતિને વર્ણવી દલિત નારીનાં સંવેદનોને વાચા આપી છે.

એક પ્રયુક્તિ લેખે પીઠ ઝબકારની રીત આ સર્જકોની મોટાભાગની વાર્તાઓમાં પ્રયોજાઈ છે. વાર્તાકાર પાત્રોનો ભૂતકાળ બતાવીને એને થયેલા અન્યાય, સંઘર્ષની એકે ભૂમિકા રચી આપે છે પરંતુ એના લીધે ક્યાંક એકવિધતાનો અનુભવ થાય છે. વાર્તા વાચ્યા પછી વાચકને લાગે છે કે હવે આ રીતે જ વાર્તા

આગળ ચાલશે પરિણામે વાચક પરથી વાર્તાની પકડ ઢીલી પડી જતી અનુભવાય અલબત્ત વાર્તાની ઘટનાને ગતિ આપવામાં એને જોડી આપવામાં પીઠ ઝબકારની પ્રયુક્તિ ખાસ્સી ખપ લાગી છે. આ પ્રકારની ટેકનિક વાર્તાને ગતિ આપીને ઘટનાના તાણાવાણા જોડી આપે છે. એમાંના અવનવા વિષયો અને વાર્તાનુરૂપ પરિવેશ રચવાની સર્જકોની ખૂબી વાર્તાને નોખું રૂપ આપે છે.

ચારે વાર્તાકારોની વાર્તાઓમાં સમાજ પ્રત્યેની પ્રતિબદ્ધતા, પાત્રોના આંતરમનોવ્યાપાર પોતપોતાની રીતે રજૂ થયા છે જે કલાત્મક બનીને ગુજરાતી દલિત વાર્તાની અને ગુજરાતી સાહિત્યની સમૃદ્ધિમાં વધારો કરે છે.

સાથે સાથે આવા સમૃદ્ધ સાહિત્ય પરથી વ્યક્તિ એવો ધડો લે કે વ્યક્તિ માત્ર દરેક વ્યક્તિને સમાન દૃષ્ટિથી જુએ, દરેકની સાથે બંધુતાનો ભાવ કેળવે, અનુભવે અને પરિણામે હાંસિયામાં ધકેલાઈ ગયેલો તેમજ ધકેલાઈ ગયા છીએ એમ અનુભવતો વર્ગ શોષણની આવી વરવી વાસ્તવિકતામાંથી બહાર આવશે ત્યારે વ્યક્તિમાત્રના શોષણનો ચોક્કસ અંત આવી જશે. આપણે જેને અલગ માનીને ભેદભાવ ઊભો કરીએ છીએ એવા દલિત વર્ગને ને દલિત સાહિત્યને ભવિષ્યમાં મુખ્યધારામાં સમાવીશું ત્યારે કોઈ પણ સર્જકને 'અલગ' દલિત સાહિત્ય રચવાની આવશ્યકતા જ ઊભી ન થાય એવી અપેક્ષા રાખીએ.

ભવિષ્યમાં ગુજરાતી દલિત સાહિત્ય-સંશોધનના વાંચનથી, અભ્યાસથી વ્યક્તિમાત્ર નવેસરથી વિચારતો થાય એ આ પ્રકારના સંશોધનનું ધ્યેય છે. આ બાબાતે જે સમસંવેદન અનુભવે એવી વ્યક્તિ, જે શિક્ષિત છે, જે આ દિશામાં જરાપણ વિચારે છે એમને આ પ્રકારનું સાહિત્ય અને આવા વિષય પર થયેલું સંશોધન ચોક્કસ દિશાનિર્દેશ કરાવનારું બની રહેશે.

---------------------